સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ, ગુજરાત ૩૮૦ ૦૧૫
ફોન : (079) 2674 7612-36 ફેક્ષ : (079) 2674 9048
www.spipa.gujarat.gov.in
SPIPA
Light the Lamp of Knowledge

ક્રમાંક : સ્પીપા/વિ.ક.જા./તલમ/પરીક્ષા/૨૦૨૧–૨૨/૫.પ્ર

તા.૨૦/૦૧/૨૨

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
બ્લોક નં.૪/૩, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર

વિષય :– મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ–૩) માંથી સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ–૨)માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષાનું આયોજન કરવા બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના આપના તા.૦૬/૦૯/૨૧ના પત્ર ક્રમાંક:મકમ/૧૧૨૦૨૦/૩૬૮૬૯૮/અ અન્વયે જણાવવાનું કે, આ સંસ્થા ધ્વારા મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ–૩) સંવર્ગમાંથી સમાજ કલ્યાણ અધિકારી વર્ગ–૨ સંવર્ગમાં બઢતી માટેની ખાતાકીય પરીક્ષા **તા.૦૮,૦૯,૧૦/૦૨/૨૨** દરમ્યાન યોજવાનું નિયત કરવામાં આવેલ છે. પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર પરીક્ષાર્થીઓના ઓળખપત્રનો નમુનો (પરિશિષ્ટ–અ), પરીક્ષાનો કાર્યક્રમ (પરિશિષ્ટ–બ) આ સાથે સામેલ છે. પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ નીચે દર્શાવ્યા મુજબનો રહેશે.

**હેતુલક્ષી પ્રશ્નપત્ર (૧ થી ૫) અંગેની ખાસ સુચનાઓ :–**

(૧) પરીક્ષાનું પ્રશ્નપત્ર૧૦૦ માર્કનું રહેશે અને પ્રશ્નો ચાર વિકલ્પો સાથેનાં હેતુલક્ષી પ્રકારના રહેશે.
(૨) પ્રશ્નોના જવાબો અલગ આપેલ ઉત્તરવહી /OMR શીટમાં જ લખવાના રહેશે.
(૩) જવાબ Black /Blue Pen થી ફક્ત (•) કરીને આપવાનો રહેશે.
(૪) આ પરીક્ષામા નેગેટીવ માર્કિંગ નથી.
(૫) પરીક્ષાર્થીઓએ **OMR Sheet** માં નિર્દિષ્ટ જગ્યાએ પ્રશ્નપત્રની સીરીઝ, બેઠક નંબર અચૂક દર્શાવવાનો રહેશે.

**સામાન્ય સુચનાઓ :**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીએ પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર પરીક્ષાર્થીઓની યાદી (જન્મતારીખ સહિત) તેમજ કઈ તકથી ઉપસ્થિત રહેનાર છે તે તમામ માહિતી (પત્રક–ક) સહિત તા.૨૪/૦૧/૨૨ સુધીમાં અત્રે મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. જેથી સમયસર બેઠક નંબર ફાળવી શકાય. પરીક્ષાર્થીઓને તેમની કચેરીના વડાના સહી સિકકા સાથે હાજરી પત્રક સહ ઓળખપત્ર હાજરીની વિગતો પરીક્ષાના દિવસે લઈને આવે તે રીતે તમામ ઉમેદવારોને જરુરી સુચના આપવા તથા તેની અત્રે જાણ કરવા વિનંતી છે.
(૨) સ્પીપા પરીક્ષા બાદ પરીણામ જાહેર કરશે. સબંધિત પરીક્ષાર્થીઓને પરીણામની જાણ આપની કક્ષાએથી કરવાની રહેશે. પરીક્ષાલક્ષી ઉપસ્થિત થનાર કોર્ટ કેસ, આર.ટી.આઈ. અથવા અન્ય વિગતો માંગવામા આવે તે કાર્યવાહી આપની કક્ષાએથી કરવાની રહેશે.

(૩) પરીક્ષાર્થીઓએ જે પ્રશ્નપત્રો પુસ્તકો સાથે આપવાના છે તે તમામ પુસ્તકો સરકાર માન્ય હોવા જોઈએ. ગાઈડ સ્વરૂપેકે અન્ય કોઈ પુસ્તકો પરીક્ષા સમયે માન્ય રાખવામાં આવશે નહી. તે બાબતની પરીક્ષાર્થીઓને જાણ કરવાની રહેશે.

(૪) પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતી આચરવામાં આવશે/પ્રયાસ કરવામાં આવશે તો તે અન્વયે સ્પીપા ધ્વારા શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

(૫) પરીક્ષા દરમ્યાન મોબાઈલ કે અન્ય વિજાણુ ઉપકરણ સાથે રાખવા કે ઉપયોગ કરવા પર પ્રતિબંધ છે. જેની જાણ પરીક્ષાર્થીઓને કરવાની રહેશે.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ

(સી.બી.પરમાર)
નાયબ નિયામક(પરીક્ષા)
સ્પીપા, અમદાવાદ